**મીઠા પરની રોયલ્ટીના દરોમાં વધારો કરવા તથા તે સમયસર ભરપાઇ ન થાય તો વ્યાજ વસુલ કરવા બાબત.**

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: સોલ્ટ-૧૦૯૭/૪૪ ચ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: - -૧૯૯૯.
11 OCT 1999

વંચાણે લીધા :-
ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: સોલ્ટ-૧૦૬૮-૩૯૪૬-ચ,તા.૭-૭-૭૦
(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:મકજ-૧૦૮૦-૨૦૮૧-ડ, તા. ૩૧-૧૨-૮૧.
(૨) મહેસુલ વિભાગનો ઠરાવ ક્ર:સોલ્ટ-૧૦૯૨-મ૭-૩૬-ચ,તા. ૧૨-૨-૧૯૯૩.
(૩) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ

આમુખ :-
મીઠાના ઉત્પાદન પર કેન્દ્ર ગુજરાત રાજયમાં મીઠાનું ઉત્પાદન દેશમાં સૌથી વધુ થાય છે. મીઠાના ઉત્પાદન પર કેન્દ્ર સરકારને તે પરની રોયલ્ટીમાંથી સરકાર ધ્વારા સોલ્ટસેસ વસુલ કરવામાં આવે છે. જયારે રાજય સરકારને તે પરની રોયલ્ટીમાંથી એકમો તથા ૫૦૦ એકર સુધીની આવક પ્રાપ્ત થાય છે.૧૦ એકર સુધીના નાના બિન-પરવાનેદાર એકમો તથા ૫૦૦ એકર સુધીની મીઠા ઉદ્યોગની સહકારી મંડળીઓને રોયલ્ટી ભરવામાંથી મુકિત આપવામાં આવી છે. રાજય સરકારને ભરવાની થતી રોયલ્ટીની રકમ મીઠાના એકમો ધ્વારા નિયમિત રીતે ભરવામાં આવતી નથી, જેના કારણે એકમોએ ઘણી મોટી રકમ ભરવાની બાકી નીકળે છે. રાજય સરકારે છેલ્લે તા. ૧૨-૨-૯૩ ના આમુખમાં ક્રમાંકઃ (૩) થી દર્શાવેલ હુકમો અન્વયે રોયલ્ટીના દરો પ્રતિ ટનદીઠ રુ. ૩ નિયત કરેલ છે. જે મીઠાના ઉત્પાદન ખર્ચની સરખામણીમાં ઘણો જ ઓછો છે. આથી રોયલ્ટીના પ્રવર્તમાન દરોમાં વધારો કરવા તથા રોયલ્ટી સમયસર ન ભરે તો વ્યાજ વસુલ લેવાની જોગવાઇ કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

આ બાબતમાં જરુરી વિચારણાને અંતે રાજયમાં આવેલ પરવાનેદાર મીઠા એકમો પાસેથી મીઠું ખસેડવામાં આવે ત્યારે ૧ ટન દીઠ રુ. ૩-૦૦ પ્રમાણે રોયલ્ટી લેવામાં આવે છે તે દરમાં વધારો કરીને ૧ મે.ટન દીઠ રુ. ૮-૦૦ નીચેની શરતોને આધિન વસુલ કરવાનું નિયત કરવામાં આવે છે.

(૧) સંદર્ભ :૨: ના બિડાણમાં લીઝ ડીડના ફકરા-૫ માં રોયલ્ટીનો દર રુ. ૩ ને બદલે રુ. ૮ ગણવાનો રહેશે.
(૨) સંદર્ભ : ૨: માં લીધેલ ઠરાવ ક્રમાંક: ૨(ખ)ની ઓછામાં ઓછા મીઠા ઉત્પાદનની જોગવાઇ યથાવત રહેશે.

8971
25/X/99

15(81)Salt/78/13871-873

Copy to ASC Jam/GIM.
Copy to Guard file.

D.S.C.(A)

(૩) મીઠાની રોયલ્ટી ભરવામાં જે વિલંબ થશે તે અંગે ૧૮ ટકાના દરે વ્યાજ વસુલ કરવાનું રહેશે. જે તારીખે રોયલ્ટીની રકમ ભરવાની થાય તે તારીખથી ત્રણ માસની મુદતમાં રોયલ્ટીની રકમ એકમ જમા ન કરાવે તો ત્રણ માસ પછીની મુદતથી આ વ્યાજ વસુલ લેવાનું થશે.

૨: ઉપર જણાવેલ રોયલ્ટીનાં આ સુધારેલ દર તેમજ ૧૮ ટકા વ્યાજ લેવાની જોગવાઇનો અમલ આ ઠરાવ રવાના થયાની તારીખથી અમલમાં આવશે.

૩: આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૧૪-૭-૧૯૯૯ ની નોંધથી મળેલ સહમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એચ. વસાવા )
સરકારના નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

- ૧: માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા (મીઠા ઉદ્યોગ વિકાસ)ના અંગત સચિવ.
- ૨: ઉદ્યોગ કમિશ્નરશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- ૩: સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- ૪: સર્વે જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર.
- ૫: મહેસુલ વિભાગ, -ક-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- ૬: નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ૭: એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- ૮: નાયબ સોલ્ટ કમિશ્નરશ્રી, ભારત સરકાર, અજન્ટ કોમર્શીયલ સેન્ટર બી-બ્લોક, આશ્રમરોડ, અમદાવાદ.
- ૯: સીલેકટર ફાઇલ, ચ-શાખા.